## ચૂકશો નહીં



### ફોટોગ્રાફી એક્ઝિબિશન

**ક્યાં** : સત્ય આર્ટ ગેલેરી
**તારીખ** : 4 ફેબ્રુઆરી સુધી
**સમય** : બપોરે 12થી રાત્રે 9 સુધી

### આર્ટ ઇવેન્ટ

**ક્યાં** : સંસ્કાર કેન્દ્ર, પાલડી
**તારીખ** : 17 ફેબ્રુઆરી સુધી
**સમય** : સાંજે 4થી







# સૂર અને શાહી અંદાજની સાથે સાબરમતી ફેસ્ટિવલનું સમાપન

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આવેલા ઇવેન્ટ સેન્ટરમાં 17 જાન્યુઆરીથી સાબરમતી ફેસ્ટિવલની બીજી સિઝનનું આયોજન કરાયું હતું. આ સિઝનની રવિવારે પૂર્ણાહુતિ થઈ હતી. પૂર્ણાહુતિ પ્રસંગે અહીં બે ખાસ કાર્યક્રમો યોજાયા હતા. અહીં સાંજે 'હાલોને આપણા મલકમાં' નામનો કસુંબલ ડાયરો યોજાયો હતો. જેને લોકોએ મોટી સંખ્યામાં હાજર રહીને માણ્યો હતો. પહાડી અવાજના માલિક કિર્તીદાન ગઢવીએ લોકોને સોરઠની શૈલીની વાતો અને ગીતોથી રસ તરબોળ કર્યા હતા. તો અહીં ઉમંગ હઠીસિંઘની ડિઝાઇન્સ દર્શાવતા ફેશન શોનું પણ આયોજન કરાયું હતું. હેરિટેજ થીમ પર યોજાયેલા આ ફેશન શોમાં ઉમંગ હઠીસિંઘે રાજા રજવાડાઓ જે પ્રકારે જરી અને જરદોસી વર્ક્સનાં અટાયર પહેરતા તે દર્શાવ્યા હતા. આ રીતે ગાયન અને ફેશન બન્નેની મદદથી હેરિટેજની ઓળખ લોકોને અપાઇ હતી. તસવીરોઃ **પંકજ શુક્લ**

AhmedabadSamay masalamix






















# કેમેરામાં કેપ્ચર થયા કરતબો

રવિવારે શહેરના એઇએસ ગ્રાઉન્ડમાં ઓફરોડિંગના કરતબો જોવા મળ્યા હતા. દેશભરમાંથી આવેલા ડર્ટ બાઇકર્સે અહીં કાદવ-કિચડ અને માટીમાં બાઇક્સ ચલાવ્યા હતા. તેમણે અહીં હવાઇ કરતબો પણ દર્શાવ્યા હતા. હવામાં ઉછળતા બાઇક્સને જોઇને લોકો મોઢામાં આંગળા નાંખી ગયા હતા. આ પ્રસંગે ફોટોગ્રાફર્સના બે ગ્રૂપ્સ ફોટોફિલિક્સ અન શટર ફીલિયાએ ફોટોગ્રાફી કરી હતી. આટલી ઝડપી ગતિએ જતાં બાઇક્સને કેવી રીતે કેપ્ચર કરવા તે જાણવા માટે ફોટોવોક કરાઇ હતી.

AhmedabadSamay masalamix















# નાટકે દર્શકોને પેટ પકડીને હસાવ્યા



યુવા આર્ટ ફાઉન્ડેશન દ્વારા રવિશંકર રાવળ કલા ભવનમાં 'ધ મેજિક રિંગ' નામના નાટકનું આયોજન કરાયું હતું. હિન્દીમાં ભજવાયેલા આ નાટકની કોમેડીએ લોકોને પેટ પકડીને હસાવ્યા હતા. આ નાટક આપણી આસપાસની કેટલીક અંધશ્રદ્ધાઓ પર કટાક્ષ કરતું હતું. નાટકમાં યંગ આર્ટિસ્ટ્સે તેમની એક્ટિંગનું કૌવત દર્શાવ્યું હતું.

AhmedabadSamay masalamix



# સંગીત અને નાટક દ્વારા 'અભિવ્યક્તિ'





ટાગોર હોલમાં ચાલી રહેલા સિટી આર્ટ્સ પ્રોજેક્ટ અભિવ્યક્તિમાં આર્ટિસ્ટ્સ સોલિડ પર્ફોર્મન્સિસ આપી રહ્યાં છે. પ્રેક્ષકોને રિચ કલ્ચરલ એક્સપિરિયન્સ આપતા આ કાર્યક્રમમાં રવિવારે ધૈવત જાની અને ગ્રૂપે મ્યુઝિકલ પર્ફોર્મન્સ આપ્યું હતું. તો સાથે કલ્પના ગાગડેકરના ગ્રૂપે અહીં નાટક રજૂ કર્યું હતું. કાર્યક્રમનાં પહેલા ભાગમાં કમ્પોઝર અને મ્યુઝિક પ્રોડ્યુસર ધૈવત જાનીના ગ્રૂપે 'સાઉન્ડ્સ ઓફ સ્ટોરીઝ' નામનું પર્ફોર્મન્સ આપ્યું હતું. જેમાં તેમણે સરોદ અને પર્ક્યુશન્સનો ઉપયોગ કરીને કથક ડાન્સર સાથે મળીને યુનિક એક્સપિરિયન્સ આપ્યો હતો. કાર્યક્રમના બીજા ભાગમાં કલ્પના ગાગડેકરના બુધન થિયેટરે બ્રિટિશ રાજના સમયની કેટલીક ઘટનાઓને લઈને 'બોર્ન આર્ટિસ્ટ' નામનું પર્ફોમન્સ આપ્યું હતું. છારા કોમ્યુનિટીના ઇતિહાસ પર આધારિત આ નાટકમાં અંગ્રેજોએ પસાર કરેલાં ક્રિમિનલ ટ્રાઇબ્સ એક્ટની વાત હતી. 1933માં તેમને ક્રિમિનલ ટ્રાઇબ જાહેર કરાયા હતા. એ પછી છેક 1952માં તેમને ડિનોટિફાઇડ જાહેર કરવામાં આવ્યા હતા. બ્રિટિશરાજ સમયથી આ કમ્યુનિટીને ઘણું સહન કરવાનું આવ્યું છે. તેમ છતાં આજે આ કમ્યુનિટીમાં બાળકો અલગ અલગ પ્રવૃત્તિઓમાં જોડાયા છે. આ નાટકમાં એક્ટર્સે આ વાત બખૂબી નિભાવી અને લોકો સુધી પહોંચાડી હતી.

AhmedabadSamay masalamix